ક્રમાંક:મઉમશબ/ક-૧/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
જૂના સચિવાલય પાસે, સેકટર-૧૦-બી,
ગાંધીનગર તા:-૧૦/૦૭/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળા (સામાન્ય પ્રવાહ)
તમામ.

**વિષય:- ITI** ના વિદ્યાર્થીઓની પૂરક-પરીક્ષા-૨૦૨૦ના અંગ્રેજી વિષયના આવેદનપત્ર ભરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/ ૧૨૧૯/ ૫૫૦/છ તા-૨૫/૦૬/૨૦૧૯ અનુસાર ધોરણ-૧૦ બાદ **ITI** નો બે વર્ષ કે તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્ષ ચાલુ વર્ષે પૂર્ણ કરેલ હોય અને તે માટેની **N.C.V.T** કે **G.C.V.T** ની આગામી જુલાઇ-સપ્ટેમ્બરમાં લેવાનાર પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તેવા વિદ્યાર્થીઓ જો **H.S.C** સામાન્યપ્રવાહ -૨૦૨૦ પૂરક પરીક્ષામાં અંગ્રેજી (૦૧૩/૦૦૬) વિષયમાં ઉપસ્થિત થવા માંગતા હોય તો તેવા વિદ્યાર્થીઓ આપની શાળામાં આવેદનપત્ર ભરવા આવે તો વિદ્યાર્થીઓના આવેદનપત્રો આપની શાળાના ઇન્ડેક્ષ નંબર (**HSC**-સામાન્યપ્રવાહ ) ઉપરથી ઓનલાઇન ભરી આપવામાં જણાવવામાં આવે છે અને આવા આપની શાળા દ્વારા આવેદનપત્ર ભરાયેલ હોય તેવા પરીક્ષાર્થીઓની પ્રવેશિકા (હોલ ટીકીટ) પ્રમાણિત કરી ઉમેદવારને આપવાની રહેશે તથા સદર વિદ્યાર્થીનું **SR** સહિતનું જરૂરી રેકર્ડ શાળાએ સાચવવાનું રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

## ❖ ખાસ નોંધ:-

- અગાઉ **ITI** પાસ કરેલ વિદ્યાર્થીઓની ધોરણ-૧૨ અંગ્રેજી વિષયની પરીક્ષા માત્ર માર્ચ માસમાં જ લેવામાં આવે છે. પૂરક પરીક્ષા-૨૦૨૦માં ચાલુ વર્ષે **ITI** પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ માટે જ છે.
- આવેદનપત્ર બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા hscexamreg.gseb.org પર ભરવાનું રહેશે.

(ડૉ.અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂ:-**
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
(૨) કમિશ્નરશ્રી, તાલીમ અને રોજગાર, ગાંધીનગર